ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G

# અંદાજપત્ર સત્રમાં પાંચ વિધેયક રજૂ થશે

## ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ પબ્લીક હેલ્થ ગાંધીનગરની સ્થાપનાનું વિધેયક રજુ થશે : રવિવારે કામકાજ સલાહકાર સમિતિની બેઠક

ગાંધીનગર, તા.૧૮

ગુજરાત સરકાર વિધાનસભાના અંદાજપત્ર સત્ર દરમિયાન પાંચ મહત્વના વિધેયકો ગૃહમાં રજુ કરશે. આ વિધેયકોની ચર્ચા અંગે રવિવારે મળનારી કામકાજ સલાહકાર સમિતિમાં નિર્ણય થશે.

રાજય સરકારે ચાર જેટલા બિલો વિધાનસભા સચિવાલયને અત્યાર સુધીમાં મોકલી દીધા છે.જેમાં સૌથી મહત્વનું બિલ સ્મોલ કોઝ કોર્ટમો દાવાની રકમમાં વધારો કરી રૂ. ૧૦ લાખ સુધીની કિંમતના દાવા રજુ કરી શકાશે તે છે. રાજય સરકાર પ્રોવિન્શિયલ સ્મોલ કોઝ કોર્ટ (ગુજરાત સુધારા) વિધેયક તેમજ પ્રેસીડેન્સી સ્મોલ કોઝ કોર્ટ સુધારા વિધેયક રજુ કરનાર છે.

આ ઉપરાંત ગુજરાત જાહેર બાંધકામ કરાર સંબંધી તકરાર લવાદી ટ્રીબ્યુનલ સુધારા વિધેયક તેમજ ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ પબ્લીક હેલ્થ ગુજરાતની સ્થાપના માટેનું વિધેયક રજુ કરનાર છે.

સરકાર આ ચાર વિધેયકો ઉપરાંત શ્રમ નીતિને લઈ એક સુધારા વિધેયક ગૃહમાં રજુ કરે તેવી શકયતાઓ છે.

રાજય સરકાર દ્વારા વિધાનસભાના અંદાજપત્ર સત્ર અંગેની તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. વિપક્ષના આ સત્ર દરમિયાન સરકાર પર સ્હેજ પણ હાવી ના થાય તે માટે અલગથી રણનીતિ તૈયાર કરવામાં આવી રહી હોવાનું સરકારના વિશ્વસનીય સૂત્રોએ જણાવ્યું છે.

રવિવારે વિધાનસભા સત્રના સમય પત્રક અંગે કામકાજ સલાહકાર સમિતિની મહત્વની બેઠક પણ મળનાર છે. સામાન્યતઃ ભોજનના સમયને બદલે આ બેઠક સાંજે પાંચ વાગે મળશે.

બીજી તરફ વિપક્ષે પણ અંદાજપત્ર સત્રમાં સરકારને ભીંસમાં લેવા માટેની વ્યુહરચના ને લઈ સભ્યો સાથે પરામર્શ શરૂ કર્યો છે. પ્રજાના પ્રશ્નોને વધુ રજુ કરવા તેમજ બજેટની જોગવાઈઓને લઈ સરકારને ભીંસમાં કઈ રીતે લઈ શકાય તેના પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે.

## કેન્દ્ર સરકારમાં પડતર પ્રશ્નો અંગે આજે સાંસદોની બેઠક

ગાંધીનગર, તા. ૧૮

કેન્દ્રમાં ગુજરાતને સ્પર્શતા પડતર પ્રશ્નો અંગે આવતીકાલે ગુજરાતના સાંસદોની એક બેઠક મળનાર છે. જેમાં સાંસદોને પડતર પ્રશ્નોની વિગતોથી માહિતગાર કરવામાં આવશે.

લોકસભાનું અંદાજપત્ર સત્ર ૨૩મીથી શરૂ થઈ રહ્યું છે. આ સત્ર દરમ્યાન ગુજરાતના કેન્દ્રમાં પડતર પ્રશ્નો અંગે ગુજરાતના સાંસદો રજુઆત કરી પ્રશ્ન ઉઠાવી શકે તે માટે સાંસદોને પડતર પ્રશ્નોની માહિતગાર કરવા માટે ગુજરાતના મુખ્યમંત્રીના અધ્યક્ષ પદે સાંસદોની એક બેઠક યોજાનાર છે.

આ બેઠકમાં ગુજરાતના કયા કયા પ્રશ્નો કેન્દ્ર સરકારના કયા મંત્રાલયોમાં કેટલા સમયથી પડતર છે. આ પડતર પ્રશ્નોના ઉકેલ માટે રાજ્ય સરકાર દ્વારા તેમજ મુખ્યમંત્રી કક્ષાએથી કેન્દ્ર સરકાર સમક્ષ ક્યારે અને કેટલીવાર રજુઆતો કરવામાં આવી અને કેન્દ્ર દ્વારા શું જવાબો આપવામાં આવ્યા તે અંગેની વિગતો સાથએની એક પુસ્તિકા ગુજરાતના સાંસદોને આપીને આ પડતર પ્રશ્નો અંગે કેન્દ્રમાં અસરકારક રજુઆત કરવા માટે સાંસદોને અનુરોધ કરવામાં આવશે.

આ વખતે ગુજરાતમાંથી તમામ ૨૬ સાંસદો ભાજપ પક્ષના છે અને કેન્દ્રમાં પણ ભાજપની સરકાર હોઈ ગુજરાતના પડતર પ્રશ્નોના ઉકેલ માટે કેન્દ્ર સરકાર પાસેથી સહકાર મળે તેમ હોઈ સાંસદોને તેમની કક્ષાએથી આ પડતર પ્રશ્નોના ઉકેલ માટે પ્રયાસ કરવા માટે સૂચવવામાં આવશે.



અભિવાદન - છેલ્લા પાંચ વર્ષથી વિવિધ વિવાદી કેસોમાં જેલવાસ ભોગવી રહેલ નિવૃત્ત પોલીસ અધિકારી શ્રી ડી.જી. વણઝારાને જામીન મળતા જેલમાંથી મુક્ત થતાં અનેક શુભેચ્છકોએ તેમનું અભિવાદન કર્યું હતું. તેમના મનોબળ અને જીવન નિષ્ઠા માટે વિશાળ સમુદાયે એમને બિરદાવ્યા હતા.

## સ્વાઈન ફલુની દવાના નામે બેહોશીની દવા આપી લુંટ થતી હોવાનો સોશીયલ મીડીયામાં સંદેશો વાઈરલ

### સરકારી કે ખાનગી કર્મચારીની ખોટી ઓળખ આપી દવા પિવડાવવાના બહાને ઘેર આવતા હોવાથી સાવધાનની સલાહ

ગાંધીનગર, તા. ૧૮

રાજ્યભરમાં સ્વાઈન ફલુ નામના રોગે તરખાટ મચાવ્યો છે અને તે માટે સરકાર દ્વારા લોક જાગૃતિ ઉભી કરવા જાહેરાતો આપી કાળજી રાખવા સુચનો કરાય છે. તો હાલમાં સામાજીક સંગઠનો દ્વારા ઘરગથ્થુ તથા આર્યુવેદિક ઉપચાર સંદર્ભે ઉકાળાનું પણ વિતરણ થઈ રહ્યું છે. દરમ્યાન સ્વાઈન ફલુની દવાના બદલે બેહોશીની દવા પીવડાવી લુંટ થતી હોવાનો સનસનીખેજ સંદેશો સોશીયલ મીડીયામાં વાઈરલ થયો છે. જેથી નાગરીકોને ઘેર આવતા દવા પીવડાવનારાથી સાવધાન રહેવાની સલાહ અપાઈ રહી છે.

સ્વાઈન ફલુ બેકાબુ બની પ્રસરી રહ્યો છે. જેમાં દિન-પ્રતિદિન દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. જેથી સરકારના ઘનિષ્ટ પ્રયાસોમાં આ રોગની દવા મફતમાં સર્વત્ર ઉપલબ્ધ બની રહે તેવુ આયોજન થયું છે. જ્યારે આ ચેપી રોગ વધુ ન ફેલાય તે હેતુસર અમદાવાદ, ગાંધીનગર સહિતના શહેરોમાં ઉકાળો પણ અપાઈ રહ્યો છે. પરંતુ સ્વાઈન ફલુના ઓથા હેઠળ કેટલાક લેભાગુ તત્વો ગેરફાયદો ઉઠાવી રહ્યા હોવાનો સંદેશો સોશીયલ મીડીયામાં જોરશોરથી ફરી રહ્યો છે.

સ્વાઈન ફલુની દવા ઘેર ઘેર પીવડાવવા સરકારી કે ખાનગી કર્મચારીની ખોટી ઓળખ આપી કેટલાક તત્વો ફરી રહ્યા છે. જેઓ સ્વાઈન ફલુની દવાના બદલે બેહોશીની દવા પીવડાવી ઘરમાં લુંટ કરતાં હોવાનો સોશીયલ મીડીયામાં સંદેશો છે. જેમાં ઘરે મહિલા વૃદ્ધ કે બાળકો એકલા હોય ત્યારે આવા લેભાગુ તત્વો આવતા હોવાનું જણાવાયુ છે. જેથી આવી કોઈ દવા ન પીવા માટે સલાહ પણ આપી સાવધાની રાખવા જણાવાયું છે. જો કે પોલીસ દફતરે કે અન્ય કોઈ જગ્યાએથી આવી કોઈ ઘટના બની હોય તેવુ પ્રકાશમાં આવ્યું નથી. જેથી કેટલાક લોકો અને ફક્ત અફવા જ માની રહ્યા છે.

છતાં પણ હાલમાં સ્વાઈન ફલુના હાઉએ સૌ કોઈને ઉંઘ ઉડાડી દીધી છે. જેથી કદાચ આવી બિના બનવાના સંજોગો ઉભા થાય ત્યારે સોશીયલ મીડીયાના આ સંદેશાથી નાગરીકો જાગૃત બની રહ્યા છે.



(તસવીર : દિપક જાની)

ગરમીના આગમનનો અણસાર - બસ, હવે આજકાલમાં ગરમીની બોલબાલા વધશે... ઠંડી, ગરમી વચ્ચેનું યુદ્ધ સમેટાશે... વાતાવરણમાં ફરીથી ઉનાળાનો અહેસાસ થશે... અને એનું કારણ એક જ છે કે માટલા નગરના બજારમાં આવી પહોંચ્યા છે... કુદરતી ઠંડા પાણી માટેનું આ અણમોલ રેફ્રીજરેટર સર્વમાન્ય ગણાય છે... સમાજના તમામ વર્ગોમાં અને વિભાગોમાં માટલું પરિવારનું અવિભાજ્ય અંગ છે... ઠંડા પાણી માટેનો એક માત્ર કુદરતી વિકલ્પ એટલે માટલું... ગાંધીનગરની આસપાસ પ્રજાપતિ સમાજ માટલા ઘડવામાં વ્યસ્ત બન્યા છે...

## ઠંડી-ગરમીના પારાનો તફાવત ઘટ્યો

## રોગચાળાનુ જોર હળવુ થશે

### મહત્તમ ૩૪ ડીગ્રી જ્યારે લઘુત્તમ ૧૮.૪ ડીગ્રી તાપમાન નોંધાયું : દિવસનો તાપ વધુ આકરો બન્યો

ગાંધીનગર, તા. ૧૮

સમગ્ર રાજ્યમાં સ્વાઈન ફલુના રોગચાળાએ માથું ઉચકતા ભય પ્રવર્ત્યો છે. ઠંડી-ગરમીની ડબલ સીઝનનું વિચિત્ર વાતાવરણ થતા રોગચાળા માટે ફેવરેબલ હોવાનુ મનાઈ રહ્યું છે. ત્યારે હવે લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચેનો તફાવત ઘટતા જિલ્લામાં વાઈરલ ફીવરનો ઉપદ્રવ પણ ઘટશે તેમ મનાઈ રહ્યું છે. આજે લઘુત્તમ તાપમાન ૧૮.૪ ડીગ્રી રહ્યું હતું.

રાજ્યમાં સ્વાઈન ફલુનો રોગચાળો વકરતા આરોગ્યતંત્રની ઉંઘ

● અનુસંધાન પાન-૭ પર

'કરૂણા'
ઘોડિયાઘર (બેબીસીટીંગ)
પટેલ પાર્લરની પાછળ,
ઘ-૨ સર્કલ,
૫ મહિનાથી ૧૨ વર્ષ સુધીના
&
● આયા જોઈએ છે ●
સંપર્ક : ૯૫૫૮૮૯૮૧૯૦

દ્વિતીય વાર્ષિક પુણ્યતિથિએ
અશ્રુભરી શ્રદ્ધાંજલિ



સ્વ. મનહરલાલ દમોદરદાસ છનિયારા
જન્મ તારીખ : ૧૪-૩-૧૯૩૧ સ્વ. તારીખ : ૧૯-૨-૨૦૧૩
જીવન તો એવું જીવી ગયા કે જોનારા જોતા રહ્યા
રોનારા રોતા રહ્યા
સુખને છલકાવ્યું નહિ અને દુઃખને દેખાડ્યું નહીં.
આપનું સ્મરણ સાલે છે. જીવનને ધુપસળી જેમ મહેંકાવી ગયા.
પ્રભુ આપના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના.
બી.ડી. છનિયારા
ગં.સ્વ. નલિનીબેન એમ. છનિયારા (પત્ની)
ધીરેન મનહરલાલ છનિયારા (પુત્ર)
શીલાબેન ધીરેન છનિયારા (પુત્રવધુ)
અલકાબેન એમ. છનિયારા (પુત્રી)
પ્રતિમા એમ. છનિયારા (પુત્રી)
દેવ, રાહુલ, હરદિપ

where natural beauties meet modernity
**come** where nature surrounds you...
Launching on 22nd February



6 Rooms Premium Living
SIDDHRAJ
Z+
A Tropical Experience
Project Marketed by: tps The Property Shop Call: +91 97251 07999

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com